# ગરબાના તાલ સાથે જીવન બચાવવાની તાલીમ

આજકાલ આપણને આવી ઘટનાઓ સમાચારોમાં વાંચવા કે સાંભળવા મળતી હોય છે કે, કોઈ વ્યક્તિ જીમમાં વર્કઆઉટ કરતી વેળા અચાનક ઢળી પડી. સ્ટેજ પર પરફોર્મન્સ આપી રહેલી વ્યક્તિ અચાનક ઢળી પડી અને તેનું નિધન થયું. કાર્ડિયાક અરેસ્ટને કારણે મૃત્યુ નિપજવાના કિસ્સા વધવા લાગ્યા છે. તમે જાણતા જ હશો ને મશહૂર પ્લેબેક સિંગર KK અને કોમેડિયન રાજુ શ્રીવાસ્તવનું નિધન હાર્ટએટેકને કારણે થયું હતું. સુરતના ડૉ.મુકેશ વાઘેલા અને ડૉ. ફિરોઝ ખાનનું પણ અચાનક હૃદય બંધ પડવાને કારણે અવસાન થયું હતું. જો ટોળાની વચ્ચે કોઈ વ્યક્તિ સાથે આવું થાય તો ટોળામાંથી કોઈએ CPRની તાલીમ મેળવી હોય તો તે વ્યક્તિની લાઈફ સેવ કરવામાં મદદરૂપ થઈ શકે પછી ભલે તે ડૉક્ટર ના હોય. અત્યારે નવરાત્રીનો માહોલ સરસ જામ્યો છે. ગ્રાઉન્ડ પર અનેક લોકો ગરબા રમવાનો આનંદ લઈ રહ્યા છે. ત્યારે સુરતના એક એનેસ્થેસિયોલોજીસ્ટ ડૉ.પરેશ કોઠારી એક ઉમદા અભિયાન ચલાવી રહ્યા છે. તેઓ ગરબાના વેન્યુ પર જઈને ખેલૈયાઓને CPRની તાલીમ ડેમોન્સ્ટ્રેશનનું આયોજન કરવાના છે. તેઓ આજે 16 ઓક્ટોબરે આ અભિયાન ચલાવવાનું પ્લાનિંગ કરી રહ્યા છે. સાથે તેઓ પંચરક્ષક દવાનું પેકેટ પણ વિતરણ કરવાના છે તો આ પંચરક્ષક દવાઓમાં કઈ કઈ દવા છે અને તેઓ આવું અભિયાન કેમ ચલાવવાના છે તેના વિશે તેમના શબ્દોમાં જાણીએ...






## કેમ 16 ઓક્ટોબરે ચાલશે અભિયાન?

આ ઉમદા અભિયાન ડૉ. પરેશ કોઠારી તેમના સાથી ડૉક્ટર્સ સાથે આજે 16 ઓક્ટોબરે ચલાવવાના છે. 16 ઓક્ટોબરનો દિવસ એટલા માટે કે આ દિવસ આખા વિશ્વમાં એનેસ્થેસિયા ડે તરીકે ઉજવાય છે અને ડૉ. પરેશ કોઠારી એનેસ્થેસિયોલોજસ્ટ છે. 1846માં 16 ઓક્ટોબરે એનેસ્થેસિયાનું પહેલું સતાવાર ડેમોન્સ્ટ્રેશન થયું હતું. ગરબાના ડોમમાં જેઓ ઇન્ટરેસ્ટેડ હશે તેમને પંચરક્ષક ગોળીનું પેકેટ અપાશે. તેમાં એસીડીટીની, કોલેસ્ટ્રોલની મેઈન ગોળી અને લોહી પાતળું કરવાની ગોળી હોય છે. કોઈ વ્યક્તિ અચાનક કાર્ડિયાક અરેસ્ટની સ્થિતિમાં આવે તો તેમને આ દવા આપીને પણ હોસ્પિટલની મેડિકલ હેલ્પ પહેલા લાઈફ સેવ કરવામાં ઉપયોગી બને. તેમણે એક ગરબા ક્લાસમાં 200 પરિવારોને આ દવાના પેકેટનું વિતરણ કર્યું હતું.



## કેમ આવું અભિયાન ચલાવી રહ્યા છે

ડૉ. પરેશ કોઠારીએ જણાવ્યું કે, બે-અઢી વર્ષ પહેલા એક ઘટના થઈ હતી. મારું ઘર આઠમા માળે છે અને નીચે બેન્કવે હોલમાં કોઈના લગ્નનું ફંક્શન ચાલી રહ્યું હતું. તેમાંની એક વ્યક્તિએ મને ફોન કરી બેન્કવે હોલમાં બોલાવ્યો હતો. ત્યાં એક કાકાને કાર્ડિયાક અરેસ્ટ થયું હતું. મેં તત્કાળ CPRની પ્રક્રિયા કરી તેમનું હૃદય રિસ્ટાર્ટ કરી હોસ્પિટલ પહોંચાડ્યા હતા. બીજા દિવસે તે કાકા નોર્મલ સ્થિતિમાં આવ્યા હતાં, ત્યારે મને થયું ફંક્શનમાં હાજર વ્યક્તિમાંથી કોઈએ CPRની તાલીમ મેળવી હોત તો તેઓ પણ આવી સ્થિતિમાં પેશન્ટને સર્વાઈવ કરવામાં મદદગાર થયા હોત અને પછી મેં આવી તાલીમ આપવાનું બીડું ઝડપ્યું હતું.

## આજે ગરબાના વેન્યુ પર CPR તાલીમ આપશે

ડૉ. પરેશ કોઠારી અને તેમના સાથી ડૉક્ટર્સ દ્વારા આજે ગરબાના ડોમમાં ખેલૈયાઓ સમક્ષ CPR (કાર્ડિયો પ્લમનરી રિસસિટેશન) અને COLSની તાલીમનું ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવશે. સવારે એક સ્કૂલમાં ટીચર્સ અને સ્ટુડન્ટ્સને આવી તાલીમનું આયોજન કરશે.




દરેક વ્યક્તિ ડૉકટરના હોય પણ તેમણે આવી તાલીમ મેળવી હોય તો અચાનક કોઈનું હૃદય બંધ પડી ગયું હોય કે કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હોય તો ચેસ્ટ કોમ્પ્રેશન આપીને હાર્ટને રિસ્ટાર્ટ કરી શકે. ઓક્સિજનયુક્ત બ્લડ કિડની, બ્રેઈન, લીવર સુધી પહોંચતુ થાય તો એના સર્વાઈવલ ચાન્સ વધી જાય. તેમણે ડૉ. કૃતિ પટેલ, ડૉ. શિવાંગી અગ્રવાલ અને ડૉ. શ્વેતા પટેલ સાથે આ ટેક્નિકનું નિદર્શન કરી ગયા અઠવાડિયે શહેરના એક ગરબા ક્લાસમાં 350 ખેલૈયાઓને માહિતી આપી.

---

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

‘સુરત’ - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં ‘સિટીપલ્સ’માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..




## નવરાત્રિમાં રમીએ અમે ગરબા થોડા, પણ સેલ્ફી લઈ રીલ બનાવીશું ઝાઝા..

નોરતાના માહોલમાં હવે રંગ કંઈક જુદો જ છવાયો છે, ચણિયા-ચોળી સાથે આજના જેન-ઝીનો અંદાજ અનોખો દેખાયો છે....
ગરબાના મેદાનના દરવાજે એન્ટ્રી વખતે જ પોઝ અપાય છે, બેસ્ટ સેલ્ફી વગર તો અહીં રાત ક્યાં પૂરી થાય છે?
સુંદર ડેકોરેશન જોઈને કેમેરો ફટાફટ ઓન થઈ જાય છે, બેકગ્રાઉન્ડ પરફેક્ટ હોય તો ફોટો અસલ જામી જાય છે!
સ્ટેપ ભલે ઓછા થાય, પણ એન્ગલ પરફેક્ટ સેટ થાય છે, આજના યુવાનો ગરબા કરતાં કેમેરા સાથે ફિટ થાય છે.
મેદાનની ભીડમાં પણ સેલ્ફી ઝોન શોધી લેવાય છે, દરેક ક્ષણને યાદગાર બનાવવી એ જ પહેલી પ્રાયોરિટી ગણાય છે.
ભક્તિ ભલે ઓછી હોય, પણ ટ્રેન્ડ પૂરો પળાય છે, નવરાત્રિની આ રંગત પછી સોશિયલ મીડિયા પર મૂકાય છે.!

---

આજે નવરાત્રીનો છઠ્ઠો દિવસ એટલે કે આસો સુદ છઠ અને શુક્રવાર છે. સુરત સહિત સમગ્ર ગુજરાતમાં અત્યારે મા જગદંબાની ભક્તિ અને આરાધનાનો અનેરો માહોલ છવાયેલો છે. આજના આ પવિત્ર દિવસે સુરતના એવા એક પ્રખર દેવીભક્તને યાદ કરવા પડે, જેમના રચેલા મનોહર રાગ-રાગણીના છંદો આજે પણ દેવીમંદિરો અને ઉપાસકોના ઘરોમાં ગુંજી રહ્યા છે. એ ભક્તરાજ એટલે અમીચંદ મોતીચંદ ઝવેરી જૈન પરિવારમાં જન્મેલા અમીચંદ ઝવેરીએ આકરી ગરીબી અને સંઘર્ષો વચ્ચેથી ઊભા થઈને સુરતના અમર દેવીભક્ત તરીકેની ઓળખ બનાવી. ૯૩-૯૪ વર્ષની જૈફ વય સુધી, શારીરિક પીડાઓ છતાં, અંબાજી માતાના મંદિરે નવરાત્રીમાં ચંડીપાઠના છંદ ગાવાનો તેમનો ટેક કદી નહોતો તૂટ્યો.....

# ભક્તરાજ અમીચંદ : અરજ કરી માને શીશ નમાવું ધનભાગ્ય મારું આજે છે...



અમીચંદનો જન્મ વિક્રમ સંવત ૧૯૦૨ના આસો વદ એકમના દિવસે સુરતના આમલીરાન વિસ્તારમાં દશા શ્રીમાળી જૈન વણિક પરિવારમાં થયો હતો. બાળપણથી જ તેમના જીવનમાં દુઃખોના પહાડ તૂટી પડ્યા. તેઓ સમજણા થાય તે પહેલાં જ માતા અને કાકી દેવલોક પામ્યા, અને માત્ર પંદર વર્ષની કુમળી વયે પિતા મોતીચંદનું પણ અવસાન થયું. તે સમયના ક્રૂર સામાજિક કુરિવાજોને કારણે પિતાના કારજ પાછળ ઘરબાર ગીરવે મૂકવા પડ્યા અને વ્યાજના ઘોડા દોડવા લાગ્યા. અમીચંદના માથે એક નાના ભાઈ અને બહેનની મોટી જવાબદારી આવી પડી. આર્થિક ભીંસ એટલી હતી કે એક દલાલને ત્યાં અને પછી શરાફી પેઢીમાં ચિઠ્ઠી-ચપાટી લાવવા-લઈ જવાની સામાન્ય નોકરી સ્વીકારવી પડી. ગરીબી અને સામાજિક દબાણો વચ્ચે આ કિશોરની કમર જાણે ભાંગી ગઈ હતી.

પરિવારને બેઠો કરવા તેમણે ઈચ્છારામ હીરાઘસુને ત્યાં કામ શીખવાનું શરૂ કર્યું, પરંતુ ઈચ્છારામ હીરાનું કામ શીખવાડતો નહિ. આથી અમીચંદે જાતે જ લુહાર પાસેથી અંગુર અને સરાણ બનાવી, રાત્રે દીવાના અજવાળે તુવેરની દાળ અને કાચના ટુકડા ઘસીને હીરાનું કામ શીખી લીધું. આકરી મજૂરીનો થાક ઉતારવા તેઓ રાત્રે લોક લાવણી (તોરા અને કલગી પક્ષ) સાંભળવા જતા. લોકો લાવણીમાં બિભત્સ ફટાણા ગાતા, પણ અમીચંદે તેના મનમોહક રાગ અને લયને પકડી લીધા. ૧૫ વર્ષની વયે નવાપુરા લાડ શેરીમાં બિરાજમાન મહાલક્ષ્મી માતાજીના મંદિરે તેમણે જવાનું શરૂ કર્યું. અંતરની પીડાને ભક્તિમાં પરોવીને માત્ર ૧૮ વર્ષની ઉંમરે લાવણીના રાગમાં તેમણે માતાજીના છંદો રચ્યા. ત્યારબાદ તેમણે ચંડીપાઠના ૧૩ અધ્યાયોને શાંત, વીર, અદ્ભુત, અને રૌદ્ર જેવા વિવિધ રસોમાં ગૂંથીને અજોડ છંદોની રચના કરી, જે સુરતના ભક્તિ ઈતિહાસમાં અમર થઈ ગયા.




માતાજીની અસીમ કૃપાથી અમીચંદ કાકાએ ધંધામાં આર્થિક સમૃદ્ધિ પ્રાપ્ત કરી. આ ઋણ ચૂકવવા તેમણે ૫૩ વર્ષની ઉંમરે સુરતના અંબાજી મંદિરે ચોઘડિયાં વગાડવા માટે એક ‘ટકોરખાનું’ બંધાવ્યું. તેના કાયમી નિભાવ માટે નીચે ત્રણ દુકાનો બનાવી, જેની મિલકત વિક્રમ સંવત ૧૯૫૫ના આસો વદ દશમ (તા. ૧૪-૧૦-૧૮૯૯)ના રોજ માતાજીના ચરણોમાં અર્પણ કરી.

**૨૭ વર્ષની યુવાન વયે તેમણે માતાજી સમક્ષ જીવનભર તમામ સ્ત્રીઓને માતા-બહેન સમાન ગણવાની ભીષ્મપ્રતિજ્ઞા લીધી હતી. ૨૩ વર્ષની વયથી શરૂ કરીને ૯૩ વર્ષની વય સુધી તેમણે નવરાત્રીમાં અંબાજી મંદિરે ચંડીપાઠના છંદ ગાવાનો ટેક કદી તોડ્યો નહિ**

અમીચંદે મહાકાળી માતાના મંદિરે પૂનમની રાત્રે છંદ મંડળ શરૂ કર્યું, જેમાં ચા-પાણી કે પંખાની પણ સખત મનાઈ હતી અને સંપૂર્ણ ધ્યાન માત્ર ભક્તિમાં જ અપાતું. ૨૭ વર્ષની યુવાન વયે તેમણે માતાજી સમક્ષ જીવનભર તમામ સ્ત્રીઓને માતા-બહેન સમાન ગણવાની ભીષ્મપ્રતિજ્ઞા લીધી હતી. ૨૩ વર્ષની વયથી શરૂ કરીને ૯૩ વર્ષની વય સુધી તેમણે નવરાત્રીમાં અંબાજી મંદિરે ચંડીપાઠના છંદ ગાવાનો ટેક કદી તોડ્યો નહિ. ઘરમાં પૌત્રના જન્મનું સૂતક હોવા છતાં તેઓ મંદિરની બહાર ઓટલે બેસીને ટેક જાળવી રાખતા. ૧૯૩૭માં જ્યારે તેઓ ૯૧ વર્ષના હતા અને શરીર સાવ શિથિલ થઈ ગયું હતું, ત્યારે ડોક્ટરોની સખત મનાઈ છતાં પણ તેઓ વાહનમાં બેસીને માતાજી સમક્ષ આવ્યા. તે વૃદ્ધ ગળામાંથી ફરી વાણી ફૂટી: “નિર્મળ નામ અંબા મા તમારું ધ્યાન ધરું...”. આ અતૂટ શ્રદ્ધાએ તેમને સુરતના ઈતિહાસમાં અમર કરી દીધા.

વારસાની વરિયાળી

**અમીચંદ કાકા જ્યોતિષશાસ્ત્રનું ઊંડું જ્ઞાન પણ ધરાવતા હતા. મંદિરમાં તેઓ જે દિશામાં બેસતા ત્યાં ‘યોગિની’નું બળ રહેતું હોવાથી, તેઓ દર વર્ષે નવરાત્રીમાં આસો સુદ છઠના દિવસથી જ ચંડીપાઠના છંદ ગાવાનો પ્રારંભ કરતા હતા. આઠમના દિવસે યોગિની સન્મુખ આવતી હોવાથી તેઓ તે દિવસને છંદ ગાવા માટે વર્જ્ય ગણતા હતા.**

---

CREATIVE માઈન્ડ્સ

# શોખ અને અનુભવોને કેનવાસ પર ઉતારી અનોખા પેઈન્ટિંગ્સનું સર્જન

હાલમાં જ આપણા શહેરની એક આર્ટ ગેલેરીમાં 100થી વધુ પેઈન્ટિંગ્સનું એક્ઝીબિશન આયોજિત થયું હતું. તેમાં અત્યારની યંગ જનરેશનના અને યુવા અવસ્થામાં ડગ માંડી રહેલાં કેટલાંક ચિત્રકારોનું આર્ટવર્ક ધ્યાન ખેંચનારું હતું. અત્યારના યુવાઓ પોતે જેવી લાઈફ જીવે છે, જે શોખ કેળવે છે, તેઓનું જે થીંકીંગ છે તેને જ વાસ્તવિક રીતે પ્રેઝન્ટ કરવામાં બિલિવ કરે છે. આ ચિત્રકારોએ પણ તેમની લાઈફ, તેમના શોખ, તેમની યાદોને કેનવાસ પર ઉતારી કાયમી બની ગયેલી પ્રણાલીથી હટકે કહી શકાય તેવું આર્ટ સુરતીઓ સમક્ષ રજુ કર્યું. તેમના પેઈન્ટિંગ્સની રંગશૈલી પણ ધ્યાનકર્ષક છે. ચાલો જાણીએ કઈ રીતે આ આર્ટિસ્ટ્સે પોતાના શોખ, પોતાના વિચારોને કેનવાસ પર જીવંત કર્યા તે જાણીએ...



## પોતાના સપના, યાદો, શોખને કેનવાસ પર ઉતાર્યા



માણસ ચાદર ઓઢીને સૂઈ જાય અને તેને સપના દેખાવા લાગે. બસ આ સપનાઓને ઓઢેલા સપના નામ આપી આરવ શાહ નામના કિશોરે કેનવાસ પર એવું પેઈન્ટિંગ બનાવ્યું જેમાં તે પોતે ચાદર ઓઢીને સૂતો છે અને તેને આવી રહેલા સપના ચાદર પર દોર્યા છે. સુરતની ચાર્વીએ ઘણા પુસ્તકો વાંચવાનો રેકોર્ડ બનાવ્યો છે તો તેણે હું અને મારા પુસ્તકો આર્ટવર્ક કર્યું છે. ચિંતલબેન પડવી વારાણસી ફરવા ગયા હતા. ત્યાં તેઓ કઈ કઈ જગ્યાઓ પર ફર્યા અને શું શું એક્ટિવિટીઝ કરી જેમકે કોઈ જગ્યા પર તેમણે ચાની ચુસ્કી લીધી, આ બધી વારાણસીની યાદોને તેમણે કેનવાસ પર દરવાજો ડ્રો કરી તેમાં અલગ અલગ બ્લોક પાડી પોતાની મેમરીઝ ચિત્ર સ્વરૂપે તાજા કરી છે.



## ચારણ કન્યાનું ચિત્ર દોરવા પોતે બની ચારણ કન્યા

14 વર્ષની ચારણ કન્યા આ કવિતા વિશે તમે બધા વાકેફ હશો જ. તે લાકડી લઈને સિંહની પાછળ દોડી ગઈ હતી અને સિંહને ભગાડ્યો હતો. 14 વર્ષની રુત્વા પટેલને ચારણ કન્યાનું પેઈન્ટિંગ બનાવવું હતું પણ તે આર્ટમાં જીવંતતા બતાવવા ઋત્વાએ જાતે ચારણ કન્યા જેવો વેશ ધારણ કર્યો હતો અને પોતાનો ફોટો ક્લિક કરી ચારણ કન્યાનું પેઈન્ટિંગ બનાવ્યું. આર્ટિસ્ટ જિયા માંગુકિયાને ગૂંથણ કરવું ગમે તેણે ઊનથી કરેલી ડિઝાઈનને કેનવાસ પર સ્ટીક કરીને પોતે ક્રોશે આર્ટવર્ક કરી રહી છે તેવું પોતાનું ચિત્ર દોર્યું છે. કેનવાસ પર પોતાના આ શોખને બતાવવા રિયલમાં ઊનના દોરાથી બનાવેલા ફૂલ કેનવાસ પર સ્ટીક કર્યા છે. આર્ટિસ્ટ આર્વી ગોયાણીને સુરતની ઓળખ નર્મદથી છે તે સરસ રીતના આર્ટવર્કના માધ્યમથી બતાવવા પોતે કવિ નર્મદનો અહેસાસ કરવા બે થી ત્રણ વખત તે પોતે કવિ નર્મદના ઘરે જઈ આવી હતી અને ત્યાં કવિ નર્મદનો એહસાસ મેળવી કેનવાસ પર કવિ નર્મદ અને તેમના ઘર સરસ્વતિ મંદિરનું ચિત્ર દોર્યું છે.

## એક પેઇન્ટિંગ બનાવવા બે થી ત્રણ મહિના લાગ્યા

આ ચિત્રકારોને અલગ વિચારસરણીના પેઈન્ટિંગ્સ ડ્રો કરવા માટે માર્ગદર્શન આપનાર મયુરીબેન દિવાવાલાએ જણાવ્યું કે, અત્યારના યુવાઓ અને જેઓ યુવા અવસ્થામાં પગ માંડી રહ્યા છે તેવા ચિત્રકારો વાસ્તવિક લાઈફને કેનવાસ પર ઉતારી મીનિંગફૂલ થોટ્સ સુરતીઓ સમક્ષ મૂકી રહ્યા છે. પેઈન્ટિંગ કેવું બનાવવું તેની કલ્પના કરી તે કલ્પનાનો જાતે અહેસાસ કરી આર્ટવર્ક તૈયાર કરી 50થી વધારે ચિત્રકારોએ પોતે બનાવેલા 100થી વધુ પેઈન્ટિંગ્સ એકઝીબિશનમાં ડિસ્પ્લે કર્યા હતાં. પોતે એહસાસ મેળવીને ચિત્ર કેનવાસ પર ઉતરતા હોવાથી તેમને એક પેઈન્ટિંગ તૈયાર કરવામાં લગભગ બેથી ત્રણ મહિના લાગ્યા છે.

## કેમ બનાવ્યા આવા પેઈન્ટીંગ્સ?

ઘણી ગૃહિણીઓને ડ્રોઈંગ કરવાનો શોખ હોય પણ ઘર સાચવવા સમય આપવો પડે એટલે આર્ટિસ્ટ બનવાનું તેનું સપનું અધૂરું રહ્યું હોય એટલે હવે તેઓ આવા મીનિંગફૂલ વિચારોના ચિત્રો બનાવી પોતાનું અધૂરું રહેલું સપનું પૂરું કરી રહી છે, તો કોઈને પોતાને રિચાર્જ કરવા છે તેઓ રોજિંદા જીવનમાંથી સમય કાઢીને પોતાનો શોખ પૂરો કરવા પેઈન્ટિંગ્સ બનાવવાનું શીખી રહ્યા છે. આ ચિત્રકારોએ પોતાના પેઈન્ટિંગ્સ બનાવવા માટે ઓઈલ કલર, એક્રેલિક કલર, સોફ્ટ પેસ્ટલ, પેન્સિલ કલરનો તથા મલ્ટી મટિરિયલનો ઉપયોગ કર્યો છે.